# <u>પ્રેસનોટ</u>

## <u>શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ, તેમજ રીસર્ચ સેન્ટ-કીમ દ્વારા ફુડ એન્ડ ડ્રગના કમિશ્નર એચ.જી.કોશીયાનો સન્માન સમારંભ યોજાયો.</u>

દક્ષિણ ગુજરાતની મુંબઇ-અમદાવાદ રેલ્વે લાઇન ઉપર આવેલ શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ-સુરત સંચાલિત શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ તેમજ શ્રી ધન્વંતરી ફાર્માસ્યુટીકલ એનાલીસીસ એન્ડ રીસર્ચ સેન્ટર-કીમ દ્વારા ગુજરાત રાજયના ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગરના કમિશ્નરશ્રી ડૉ.એચ.જી.કોશીયા નો પી.એચ.ડીની પદવી મેળવવા બાબત એક સન્માન સમારંભ સુરતમાં હોટલ યુવરાજ ખાતે તા. ૦૯/૧૦/૨૦૧૧ ના રોજ રાખવામાં આવ્યો હતો. ડૉ.એચ.જી.કોશીયાને તાજેતરમાં પીએચડી ની પદવી સૌરાષ્ટ્ર યૂનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવેલ છે. શ્રી કોશિયા દ્વારા આ થીસીસ ફાર્મસી ફિલ્ડમાં “સ્ટડીઝ ઓન ઇફેકટ ઓફ મેડીકેટેડ ઓઇલ ફોર્મ્યુલેશન્સ ઓફ કરન્જ ઓઇલ (ડેરીસ ઇન્ડીકા)” ના વિષય ઉપર કરવામાં આવેલ છે. ડૉ.એચ.જી.કોશીયાએ મેળવેલ આ સિધ્ધી બદલ શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ તથા શ્રી ધન્વંતરી ફાર્માસ્યુટીકલ એનાલીસીસ એન્ડ રીસર્ચ સેન્ટર, કીમ તેમજ શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ સર્વ પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ હાર્દિક શુભેચ્છા અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ સન્માન સમારંભમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી ડૉ. એન.ડી.જીવાણી દ્વારા ડૉ.એચ.જી.કોશીયાનુ સ્વાગત કરવામાં આવ્યુ હતું તેમજ યાદ ગીરી રૂપે મુમેન્ટોની ભેટ આપવામાં આવી હતી., આ ઉપરાંત આ સન્માન સમારંભમાં ટ્રસ્ટના મંત્રીશ્રી ડૉ. દિનેશભાઇ સુતરીયા, શ્રી રમેશભાઇ બલર, રીસર્ચ સેન્ટરના ડાઇરેકટર ડૉ.એ.એમ.બડીગેર તેમજ કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. કે.એસ.મુરલીક્રિષ્ના તેમજ પી.જી.કોઓર્ડીનેટરશ્રી ડૉ. એમ.એન.નૂલ્વી ઉપસ્થિત રહયા હતા.